વલસાડમાં ચાઈનીઝ દોરી વેચતા યુવાનને પકડવા ગયેલા

# પોલીસ કર્મી પર ટોળાંનો હિચકારો હુમલો

**એકલા** ગયેલા કોન્સ્ટેબલને મહિલાઓએ ધક્કે ચઢાવી માર માર્યો

**ઘટના** બાદ સિટી પોલીસે આરોપીઓને ઝબ્બે કરી તેમનો વરઘોડો કાઢ્યો

વલસાડ : ઉતરાયણ પર્વ નજીક આવતા જ પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના વેચાણ પર વલસાડ પોલીસે લાલ આંખ કરી હતી. તેમણે ઠેર ઠેર તેનું ચેકિંગ હાથ ધર્યું હતુ. આ ચેકિંગમાં માત્ર બે ચાઈનીઝ દોરાની ફિરકીના મુદ્દે મોગરાવાડી વિસ્તારમાં તપાસ કરવા ગયેલા સિટી પોલીસના હેડ કોન્સ્ટેબલને માથાભારે પરિવારે ધક્કે ચઢાવી લાકડાંના ધોકા અને લાત-મુક્કા વડે માર માર્યો હતો. આ હુમલામાં પોલીસ જવાનના જમણા હાથની આંગળીમાં ફ્રેક્ચર થયું હતુ. આ ઘટના બનતા જ પોલીસે તમામ આરોપીઓને તાત્કાલિક પકડી પાડ્યા હતા અને સોમવારે તેમનું સરઘસ પણ કાઢ્યું હતુ.

પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત મુજબ વલસાડ સિટી પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્કોડમાં ફરજ બજાવતા હે.કો. સહદેવસિંહ પ્રવિણસિંહ સોલંકીને બાતમી મળી હતી કે, મોગરાવાડી, હનુમાન ફળિયામાં રહેતો યશ દીપક નિકમ મુંબઈથી ચાઈનીઝ દોરી લાવીને વેચાણ કરે છે. આ બાતમીના આધારે સહદેવસિંહે 11 જાન્યુઆરીની રાત્રે મોગરાવાડી વિસ્તારમાં વોચ ગોઠવી હતી. જ્યાં પોલીસે મોગરાવાડી હનુમાન ફળિયામાં રહેતા યશ દિપક નિકમની મોપેડની તપાસ કરતા તેમાંથી ચાઈનીઝ દોરીની બે ફિરકી મળી આવી હતી. આ દરમિયાન યશના માતા-પિતા (દીપકભાઈ અને



ડીમ્પલબેન) ત્યાં આવી પહોંચ્યા, તેઓ ઉશ્કેરાઈ ગયા હતા અને પોલીસ જવાન સાથે ઝપાઝપી શરૂ કરી હતી. ત્યારબાદ અન્ય મહિલાઓ પણ ત્યાં આવી ગઈ અને તેમણે પોલીસને મારવાનું શરૂ કર્યું હતુ. જેમાં ઘટના એટલી ઉગ્ર બની કે યશ નિકમ ઘરેથી લાકડાંનો ધોકો લઈ આવ્યો હતો અને પોલીસ કોન્સ્ટેબલ સહદેવસિંહ પર ઘાતક હુમલો કર્યો હતો. બચાવમાં કોન્સ્ટેબલે હાથ આડો ધરતા તેમને જમણા હાથમાં ગંભીર ઈજા થઈ હતી. ત્યારબાદ દીપક, ડીમ્પલ, સંદીપ અને રીના એમ પાંચેય જણાએ ભેગા મળી પોલીસ જવાનને જાનથી મારી નાખવાની ધમકી આપી આડેધડ માર મારી તેના કપડાં પણ ફાડી નાખ્યા હતા. તેમણે કોન્સ્ટેબલનો રૂપિયા 40,000ની કિંમતનો વીવો કંપનીનો મોબાઈલ ફોન પણ ઝૂંટવીને તોડી નાખ્યો હતો. આખરે 112 પર કોલ કરતા પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો અને ઈજાગ્રસ્ત કોન્સ્ટેબલને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં તેમના હાથની આંગળીમાં ફ્રેક્ચર હોવાનું સામે આવ્યું હતું. આ ઘટના બાદ સિટી પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને તેમણે યશ દીપક નિકમ, દીપક નિકમ, ડીમ્પલ દીપક નિકમ, સંદીપ, રીનાબેન (તમામ રહે. હનુમાન ફળિયા, મોગરાવાડી, વલસાડ) વિરૂદ્ધ ગુનો દાખલ કરી બીજા દિવસે પોલીસે યશ, દિપક અને સંદિપને મોગરાવાડી હનુમાન ફળિયામાં લઈ જઈ તેનું રિકન્સ્ટ્રક્શનના બહાને સરઘસ કાઢ્યું હતુ.

# નારગોલની શાળામાં ચાલુ ક્લાસે શિક્ષક ખુરશી પર બેસીને ઊંઘી ગયા

**આવી** હરકતોથી ગુજરાતની શાળાઓની છબી ખરાબ થઈ રહી હોવાથી કાર્યવાહીની માંગ સાથે શિક્ષણ અધિકારીને માજી સરપંચની રજૂઆત



ઉમેશ સોલંકી

ઉમરગામ : નારગોલની પ્રાથમિક શાળામાં બાળકોની હાજરીમાં એક શિક્ષક ક્લાસરૂમમાં આરામથી ઊંઘી નસકોરાં લેતો જોવા મળતા માજી સરપંચ યતિનભાઈ ભંડારીએ શરમ જનક ગણાવી પગલાં લેવા શિક્ષણ અધિકારીને રજૂઆત કરી છે.

ઉમરગામ તાલુકાના નારગોલ ગ્રામ પંચાયતના માજી સરપંચ યતિન ભંડારી નારગોલ નવા તળાવ પ્રાથમિક શાળામાં પહોંચ્યા હતા ત્યારે જોયું તો શાળાના ક્લાસમાં શિક્ષક યાજ્ઞિક ટંડેલ વર્ગમાં બાળકોની હાજરીમાં ટેબલ પર માથું મૂકી ખુરશી ઉપર બેસી ઊંઘતા જોવા મળ્યો હતો. શાળાના વિદ્યાર્થીઓને ભણાવવાના બદલે શિક્ષક આરામથી ઊંઘી રહ્યો હોય કેમેરામાં રેકોર્ડ કરી લેવામાં આવ્યો હતો અને ઉઠાડીને પૂછતા શિક્ષકે ઉજાગરો હોય બાળકોને લેસન આપીને તે ઊંઘી ગયો હતો. એમ જણાવ્યુ હતુ. એટલું જ નહીં શાળામાં મુખ્ય શિક્ષિકા પણ હાજર જોવા મળ્યા ન હતા. આ સમગ્ર બાબતને ગંભીર ગણાવી આવી હરકતોથી ગુજરાતમાં સરકારી ગુજરાતી શાળાઓની છબી ખરાબ થઈ રહી હોવાનું જણાવી પ્રાથમિક શિક્ષણ અધિકારીને આ બાબતે માજી સરપંચ યતિનભાઈ ભંડારીએ રજૂઆત કરી પગલા ભરવાની માંગ કરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### સરીગામમાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવા કલેક્ટરનું ધ્યાન દોરાયું

ઉમરગામ : ઉમરગામ તાલુકામાં સૌથી વધુ વસ્તી ધરાવતા સરીગામ ગ્રામ પંચાયત વિસ્તારમાં રૂર્બન યોજના હેઠળ ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવા જિલ્લા કલેક્ટરનું ધ્યાન દોરવામાં આવ્યું છે. સરીગામ ગ્રામ પંચાયતની વસ્તી અંદાજે 35 હજારથી પણ વધુની છે. આ વિસ્તારમાં ઉદ્યોગો એપાર્ટમેન્ટ બિલ્ડીંગો રહેણાંક મકાનો મોટા પ્રમાણમાં હોય ભૂગર્ભ ગટર યોજના ખૂબ જ આવશ્યક છે. ભૂગર્ભ ગટરના અભાવે ખાળકુવા ઉભરાવવાના ગંદકીના અનેક પ્રશ્નો ઉઠવા પામે છે. સરીગામના આગેવાન રાકેશ રાય તથા સરપંચ સહદેવભાઈ વઘાત, ઉપસરપંચ સંજયભાઈ સહિતએ અગાઉ અનેકવાર ભૂગર્ભ ગટર યોજના સરીગામ માટે મંજૂર કરવા લાગતા વળગતા તંત્રને રજૂઆત કરી ચૂક્યા છે. અગાઉ અનેકવાર કહેવાય ચૂક્યું છે કે સરીગામમાં ભૂગર્ભ ગટર યોજના સરકારમાં વિચારાધીન છે અને મંજૂરી મળી જવાની છે. જોકે અત્યાર સુધી તો આ બાબતે ખાસ કોઈ પ્રગતિ જણાય નથી. ત્યારે ફરી એકવાર સરીગામ ગ્રામ પંચાયતના સરપંચ સહદેવભાઈ, ઉપસરપંચ સંજયભાઈ અને અગ્રણી રાકેશ રાયે વલસાડ જિલ્લા કલેક્ટરને સરીગામમાં ભૂગર્ભ ગટર યોજનાને જલ્દીથી મંજૂર કરવામાં આવે વહીવટી તાંત્રિક મંજૂરી આપવામાં આવે તેવી રજૂઆત કરી છે.

### બીલીમોરામાં રાષ્ટ્રીય યુવા દિવસે સ્વામી વિવેકાનંદની પ્રતિમાને પુષ્પાંજલિ




કેરસી બારીયા

બીલીમોરા : બીલીમોરા નજીક આંતલીયા ચાર રસ્તા સર્કલ ઉપર શુક્રવારે રામકૃષ્ણ સેવા કેન્દ્ર ટ્રસ્ટ અને શાળા, કોલેજ, આઈટીઆઈનાં વિદ્યાર્થીઓએ સ્વામી વિવેકાનંદની પ્રતિમાને શ્રદ્ધા સુમન અર્પણ કર્યા હતા. આંતલીયા સર્કલ ઉપર ૮ ફૂટ ઊંચા ફાઉન્ડેશન ઉપર ૬ ફૂટ ૬ ઈંચ ઉંચી સ્વામી વિવેકાનંદજીની પૂર્ણ કદ પ્રતિમાને જન્મદિને પુષ્પાંજલિ અર્પણ કરાઈ હતી. આ પ્રસંગે અગ્રણીઓએ સ્વામીજીના આદર્શો આત્મસાત કરવા હાકલ કરી હતી. શિકાગોમાં ૧૮૯૩ માં સ્વામી વિવેકાનંદ ભારત વતી વિશ્વ ધર્મ પરિષદમાં ઉપસ્થિત રહ્યા હતા. જેમાં મારા ભાઈઓ અને બહેનો શબ્દો થકી પશ્ચિમના દેશોમાં ભારતની મૂળ સંસ્કૃતિને ઉજાગર કરી હતી. વૈશ્વિક ભાઇચારાનો સંદેશો પાઠવ્યો હતો. સ્વામીજીની પ્રતિમા આપણને આપણી મંઝીલ સુધી પહોંચવા જીવન પરિપૂર્ણતાનો માર્ગ બતાવી રહી છે. યુગપુરુષ સ્વામી વિવેકાનંદ આધુનિક યુગની જરૂરિયાત અને યુવાવર્ગના આદર્શ સમાન પ્રતિમાનું સ્વરુપ દરેકને પ્રેરણારૂપ છે. આંતલીયા અસ્પી કન્યા વિદ્યાલયની વિદ્યાર્થિનીએ સ્વામી વિવેકાનંદ જીવન કવનની ઝાંખી કરાવી હતી. આ પ્રસંગે ગૌરાંગ જોષી, રાજેશ ટંડેલ, હિતેશ ભંડારી, તેજલ જોષી, પ્રકાશ મિસ્ત્રી, અશ્વિન દેસાઈ, હિતેન પ્રજાપતિ, ગિરીશ પંડ્યા સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

### કપરાડામાં પ્રાથમિક શિક્ષક સંઘની ક્રિકેટ ટૂર્નામેન્ટ યોજાઈ

વલસાડ : કપરાડા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા તાલુકા કક્ષાના શિક્ષક ભાઈઓ તથા બહેનોની ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન શનિવારે જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ ગોકુલ પટેલની ઉપસ્થિતિ વચ્ચે માંડવાના મેદાન



ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં બેસ્ટ ઓલ રાઉન્ડર, ફિલ્ડર તરીકેનો એવોર્ડ સુથારપાડા શાળાના લતા પટેલને એનાયત થયો હતો. જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ પ્રમુખ ગોકુલ પટેલે જણાવ્યું કે, શિક્ષકોમાં ખેલદિલી વધે, શિસ્ત વધે અને તાલુકાના શિક્ષકો એકબીજાને ઓળખતા થાય, જેથી શૈક્ષણિક પ્રવૃતિઓ, પ્રતિભા બહાર આવે તેવા ઉમદા હેતુસર પ્રતિવર્ષ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા કરવામાં આવે છે. તાલુકા સંઘ પ્રમુખ મિતેશ પટેલે જણાવ્યું કે, રમાયેલી ટુર્નામેન્ટમાં કુલ 5 બીટની ટીમ વચ્ચે મેચ રમાઈ હતી, જે પૈકી શ્રેષ્ઠ ખેલાડીઓની ટીમ પસંદ થશે. જે જિલ્લાકક્ષાની ટુર્નામેન્ટમાં ભાગ લેશે. મહામંત્રી દિનેશ ગાંવિત, ખજાનચી ગણેશભાઈના હસ્તે શિલ્ડ આપી પ્રોત્સા હિત કરાયા હતા.પૂર્વ તાલુકા પ્રમુખ બિપિન પટેલ સહિત હોદ્દેદારો પણ ઉપસ્થિત રહ્યા હતા.

### અતુલમાંથી દોરી માંજવાનો પ્રતિબંધિત પાવડર મળી આવ્યો

વલસાડ : વલસાડ જિલ્લા પોલીસે શનિવારે સમગ્ર જિલ્લામાં પતંગની ચાઇનીઝ દોરી અંગે પેટ્રોલિંગ હાથ ધર્યું હતુ. જેમાં પહેલા વાપી અને પછી શનિવારે સાંજે વલસાડ શહેર અને આજુબાજુના વિસ્તારમાં ચેકિંગ હાથ ધર્યું હતુ. આ ચેકિંગ દરમિયાન તેમણે વલસાડના અતુલમાંથી દોરી માંજવાનો પ્રતિબંધિત પાવડર પકડી પાડ્યો હતો. પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત મુજબ વલસાડ રૂરલ પોલીસે શનિવારે સાંજે અતુલ વિસ્તારમાં ચેકિંગ હાથ ધર્યું હતુ. આ ચેકિંગ દરમિયાન એક સ્ટોલ પર દોરી માંજવાનું કામ થતું હોય પોલીસે ત્યાં પહોંચી તપાસ હાથ ધરી હતી. પોલીસે અહીંના એક જનરલ સ્ટોર પર પતંગની દોરીને તૈયાર કરવા પ્રતિબંધિત કાચના પાવડરથી તૈયાર થયેલી સામગ્રી મળી આવી હતી. જેના પગલે પોલીસે સ્ટોર સંચાલક અપૂર્વ પંડિતની ધરપકડ કરી ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## દમણના નામોપથ પર યુવા મેરેથોન યોજાઈ



દમણ : સંઘપ્રદેશ દમણમાં નામોપથ પર આજરોજ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા સ્વામી વિવેકાનંદની 163 મી જન્મ જયંતિના ઉપલક્ષમાં યુવા મેરેથોન દોડનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે દાનહ દમણ દિવના પ્રદેશ અધ્યક્ષ મહેશ અગરિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે મેરેથોનને લીલી ઝંડી બતાવી દોડનો આરંભ કરાવ્યો હતો. આયોજિત મેરેથોનમાં મોટી સંખ્યામાં યુવાનો, બાળકો તથા સ્કૂલ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ ઉત્સાહ સાથે ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# અકસ્માતમાં પોતાના જ ટ્રેક્ટરના ટાયર નીચે કચડાતા યુવાનનું મોત

**પીપલખેડ** ગામે ઇકો કારે ટ્રેક્ટરના ટ્રેલરને પાછળથી ટક્કર મારતા સર્જાયો ગમખ્વાર અકસ્માત

વાંસદા : વાંસદા તાલુકાના પીપલખેડ ગામની સીમમાં ગતરોજ એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. વાંસદા-ધરમપુર રોડ પરથી પસાર થતી એક ઈકો કારે ટ્રેક્ટરના ટ્રેલરને જોરદાર ટક્કર મારતા, ટ્રેક્ટર પર બેઠેલા એક યુવાનનું ટાયર નીચે કચડાઈ જવાથી મોત નીપજ્યું હતું.

જે.એમ. શાહ કંપનીનું ટ્રેક્ટર (નંબર GJ 2 L 4824) લઈને ચાલક કમલેશભાઈ ધીરુભાઈ ભૂસારા રાણી ફળિયા ગામે સામાન ઉતારવા જઈ રહ્યા હતા. આ ટ્રેક્ટર પર તેમની બાજુમાં છોટુ તુળજીભાઈ વયજલ (ઉં.વ. ૩૦, રહે. ધામણી, તા. ધરમપુર) પણ બેઠા હતા. આ દરમિયાન વાંસદાથી ધરમપુર તરફ જતી ઈકો કાર (નંબર GJ 5 CP 1798) ના ચાલક અનિલ બાબુભાઈ પટેલે ગફલતભરી રીતે ડ્રાઈવિંગ કરી ઈકો કારને ટ્રેક્ટરના પાછળના ટ્રેલર સાથે અથડાવી દીધી હતી.

સારવાર દરમિયાન મોતઃ અકસ્માત એટલો જોરદાર હતો કે ટ્રેક્ટરને જોરદાર આંચકો લાગ્યો હતો, જેના કારણે ઉપર બેઠેલા છોટુ વયજલ સીધા નીચે પટકાયા હતા. દુર્ભાગ્યવશ, ટ્રેક્ટર અને ટ્રેલરના વ્હીલ તેમના શરીર પરથી ફરી વળતા તેમને ગંભીર ઈજાઓ થઈ હતી. તેમને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે વાંસદા કોટેજ હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ટૂંકી સારવાર બાદ તેમનું મૃત્યુ થયું હતું. આ સમગ્ર મામલે ટ્રેક્ટર ચાલક કમલેશભાઈએ ઈકો કાર ચાલક વિરુદ્ધ વાંસદા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની તપાસ હાથ ધરી છે.

## વાપીમાં ટુ વ્હીલર સામસામે આવી જતા 3 ઈસમે વકીલાતની પ્રેક્ટિસ કરનારને ફટકાર્યો

વાપી : વાપી ટાંકી ફળિયામાં રહેતો મયંક જયંતિ પટેલ (ઉં.25) વકીલાતની પ્રેક્ટિસ કરે છે. ગત તા.7-1-26 ના રોજ તે બાઈક લઈને વાપી જીઆઈડીસી ચાર રસ્તા સામે આવેલા પેટ્રોલપંપની બાજુમાં આવેલી ગલીમાંથી પસાર થતી વેળા વળાંક આવતા બાઈક ધીમી હતી, ત્યારે સામેથી મોપેડ સવાર ત્રણ ઈસમે પણ તેની સામે ઉભી રાખી દીધી હતી. જેમાં કોઈને કોઈ નુકસાન થયું ન હતું. જે બાદ મોપેડચાલક તથા અન્ય સવાર બે ઈસમો મળી ઝઘડો કરી ઢીક્કામુક્કીનો માર માર્યો હતો. ઈજાગ્રસ્ત થયેલો મયંકે મિત્ર સાથે હોસ્પિટલમાં સારવાર કરાવી હતી, જે બાદ મોપેડ નંબરના આધારે તપાસ કરતા ચાલક જેનુલાબીદીન હૈદર ખાન (રહે. મેજીસ્ટીક હોમ,), અબ્દુલ્લા નુર મોહમદ સીદ્દીકી (રહે. ગીતાનગર) અને અબરાર સઉદ આલમ (રહે. પેપીલોન હોટલ પાસે, ) હોવાનું માલુમ પડતા ત્રણેય સામે પોલીસમાં ફરિયાદ મયંક પટેલે નોંધાવી હતી.

# લાઈટ એન્ડ સાઉન્ડ શો 'બાળકોને ધક્કા ખવડાવતી વ્યવસ્થા'

**નવસારી** મનપા દ્વારા આયોજિત લાઈટ એન્ડ સાઉન્ડ શો શોભાનો ગઠિયો બન્યાના આક્ષેપો

**શો** જોવા આવેલા વલસાડની શાળાના 100 ભૂલકાઓને ભીડમાં ધક્કા ખાતા રહેવું પડ્યું

નવસારી : નવસારી મહાનગરપાલિકા દ્વારા આયોજિત લાઈટ એન્ડ સાઉન્ડ શો શોભાનો ગઠિયો બનતા હવે આ મામલે સેવા સંસ્થા કનુભાઈ સુખડીયાએ ખુલ્લેઆમ આક્ષેપો કર્યા છે. સંસ્થાના પ્રમુખ કનુભાઈ સુખડીયાએ જણાવ્યું કે, "આ શો આયોજન વગરનો, વ્યવસ્થાવિહોણો અને સંપૂર્ણ બેદરકાર તંત્રનું પ્રતિબિંબ છે. બાળકો, વડીલો અને બહારથી આવેલા નાગરિકોને જે હાલાકી સહન કરવી પડી, તે




શરમજનક છે."

કનુભાઈ સુખડીયાએ જણાવ્યું કે, પી.એમ. શ્રી સ્વામી વિવેકાનંદ વલસાડ પ્રાથમિક શાળાના અંદાજે 100 જેટલા વિદ્યાર્થીઓ 2 બસમાં શો જોવા આવ્યા હતા, પરંતુ કોઈ યોગ્ય કતાર વ્યવસ્થા, પ્રવેશ નિયંત્રણ કે સુરક્ષા ગોઠવણ ન હોવાથી આ નાના ભૂલકાઓને ભીડમાં ધક્કા ખાતા રહેવું પડ્યું. "આ બાળકો સાથે કોઈ અનિચ્છનીય ઘટના બને તો જવાબદારી કોણ લે?" એવો સીધો સવાલ તેમણે તંત્રને કર્યો છે.

તેમણે વધુમાં આક્ષેપ કર્યો કે, સોનગઢ પેપર મિલનો કાર્યક્રમ રદ કરી ઘણા લોકો ખાસ નવસારી લાઈટ એન્ડ સાઉન્ડ શો જોવા આવ્યા, પરંતુ અયોગ્ય આયોજનના કારણે તેમને નિરાશ થઈ પરત ફરવું પડ્યું. "લોકોએ વિશ્વાસ રાખ્યો, તંત્રએ નિરાશ કર્યા," એવી કડક ટિપ્પણી તેમણે કરી.

કનુભાઈ સુખડીયાએ મહાનગરપાલિકાને ચેતવણીરૂપે જણાવ્યું કે, જો ભવિષ્યમાં આવા કાર્યક્રમોમાં યોગ્ય આયોજન, સુરક્ષા વ્યવસ્થા અને જવાબદારી ન દેખાડવામાં આવશે તો સેવા સંસ્થા રસ્તા પર ઉતરી ઉગ્ર વિરોધ કરશે. સાથે જ તેમણે જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી કરવાની પણ માંગ ઉઠાવી છે. નાગરિકોમાં પણ હવે આ મુદ્દે રોષ વધતો જઈ રહ્યો છે અને લોકો ખુલ્લેઆમ કહી રહ્યા છે કે, "શહેરને શોભા આપવાના નામે તંત્ર શહેરને શરમમાં નાંખી રહ્યું છે."

# નવસારી મનપાની નવી અપગ્રેડેડ NMC App લોન્ચ

**નાગરિકોને** વધુ સરળ અને ઝડપી ડિજિટલ સેવાઓ મળશે

નવસારી : નવસારી મહાનગરપાલિકા દ્વારા નાગરિકોની સુવિધા અને ડિજિટલ સેવાઓને વધુ સશક્ત બનાવવા માટે નવી અપગ્રેડેડ Navsari Municipal Corporation App લોન્ચ કરવામાં આવી છે. આ નવી એપ્લિકેશન વધુ સરળ, ઝડપી અને યુઝર-ફ્રેન્ડલી સુવિધાઓ સાથે ઉપલબ્ધ હોવાથી હવે નાગરિકોને મહાનગરપાલિકાની વિવિધ સેવાઓ માટે કચેરીઓના ચક્કર નહીં કાપવા પડે.

નાગરિકો પોતાના મોબાઈલમાં Play Store અથવા App Store માં Navsari Municipal Corporation સર્ચ કરીને એપ ડાઉનલોડ કરી શકે છે અથવા તો આપવામાં આવેલા QR કોડ સ્કેન કરીને સીધું ડાઉનલોડ કરી શકે છે. મહાનગરપાલિકા દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, ટેક્નિકલ કારણોસર જૂની NMC Connect App હવે બંધ કરવામાં આવી છે, તેથી નાગરિકોએ ફક્ત નવી Navsari Municipal Corporation App નો જ ઉપયોગ કરવો. આ નવી એપ દ્વારા નાગરિકો ફરિયાદ નોંધાવી શકશે, ટેક્સ સંબંધિત માહિતી મેળવી શકશે, જન્મ-મૃત્યુ પ્રમાણપત્ર, વિવિધ મંજૂરીઓ, બિલ પેમેન્ટ સહિતની સેવાઓ ઘર બેઠા મેળવી શકશે તેમજ પોતાની અરજીની સ્થિતિ પણ ટ્રેક કરી શકશે. મહાનગરપાલિકાનું માનવું છે કે, આ નવી એપથી સેવાઓમાં પારદર્શકતા આવશે અને નાગરિકોનો સમય તથા ખર્ચ બંને બચશે.

નવસારી મહાનગરપાલિકા દ્વારા તમામ નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે, આજે જ નવી Navsari Municipal Corporation App ડાઉનલોડ કરો અને સ્માર્ટ નવસારી તરફ એક વધુ પગલું ભરો.



# નવસારીમાં પોલીસની દિવ્યાંગ બાળકો સાથે ઉતરાયણ

નવસારી : ઉત્તરાયણનો પવન તો દર વર્ષે ફૂંકાય છે, પતંગો તો દર વર્ષે ઉડે છે પરંતુ આ વર્ષે નવસારીના આકાશમાં જે ઉડ્યું, તે માત્ર રંગીન પતંગ નહોતું તે ઉડ્યો હતો વિશ્વાસ, આત્મવિશ્વાસ અને ખુશીનો અહેસાસ. નવસારી જિલ્લા પોલીસ દ્વારા દિવ્યાંગ બાળકો માટે આયોજિત વિશેષ પતંગ ઉત્સવ એક એવો હૃદયસ્પર્શી પ્રસંગ બની રહ્યો, જેને શબ્દોમાં બાંધી શકાય તેમ નથી, માત્ર અનુભવી શકાય એવો છે. વર્દીમાં રહેલા પોલીસ અધિકારીઓ જ્યારે બાળકોની બાજુમાં ઊભા રહી, તેમનો હાથ પકડી પતંગ ચગાવડાવતા હતા, ત્યારે લાગતું હતું કે સત્તા નહીં, સ્નેહ બોલી રહ્યો છે. SP રાહુલ પટેલ, DYSP, PI સહિતના અધિકારીઓ બાળકો સાથે હસતા, રમતા અને તાળી પાડતા નજરે પડ્યા. તે દ્રશ્યો જોઈને સ્પષ્ટ થઈ ગયું કે પોલીસ માત્ર કાયદાની રક્ષા કરતી નથી, તે લાગણીઓની પણ સંભાળ લે છે.

પોલીસ વિભાગ દ્વારા દરેક દિવ્યાંગ બાળકને પતંગ અને દોરાની કીટ આપવામાં આવી હતી. સાથે સાથે લાડુ અને પૌષ્ટિક નાસ્તાની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

ચોમાસામાં પાણીનો પ્રવાહ વધશે તો નાળું તૂટવા સાથે ખેતરોમાં પાણી ફરી વળવાની શક્યતા

# પાણીના પ્રવાહ સામે નાળું ટકશે નહીં

**આહવાનાં** સેન્દ્રીઆંબામાં નાળાના કામમાં ખુલ્લેઆમ ભ્રષ્ટાચાર

**પથ્થરો** પર સિમેન્ટનું પાતળું પડ ચઢાવી સરકારી નાણાંની લૂંટ!

સાપુતારા : આહવા તાલુકાની મહાલપાડા ગ્રામ પંચાયત હેઠળ આવતા સેન્દ્રીઆંબા ગામમાં હાલમાં ચાલી રહેલા નાળાના નિર્માણમાં સરપંચ અને જવાબદાર તલાટીકમ મંત્રીની ઘોર બેદરકારી સામે આવી છે. સરકારી નિયમો મુજબ, કોઈપણ નાળા કે કલવર્ટનું કામ કરતી વખતે ચોક્કસ ગુણવત્તાવાળું મટેરીયલ, રેતી, કપચી અને નિર્ધારિત માત્રામાં સિમેન્ટનું કોંક્રીટ મિશ્રણ વાપરવાનું હોય છે. જોકે, સેન્દ્રીઆંબામાં સ્થળ પરથી પ્રાપ્ત થયેલા ફોટાઓમાં જોઈ શકાય છે કે, નાળાના પાયામાં અને દીવાલોમાં યોગ્ય કોંક્રીટિંગ



ગીરીશ ભોયે

### ગુણવત્તાના ધોરણો જાળવવામાં આવ્યા નથી

સરપંચ અને તલાટીકમ મંત્રી તથા કોન્ટ્રાક્ટરનાં મેળાપણામાં અહી ગુણવત્તાના ધોરણો જાળવવામાં આવ્યા નથી. અને સ્થળ પર હાજર રહેવા જોઈતા ટેકનિકલ સુપરવાઈઝર કે એન્જિનિયરોની ગેરહાજરીનો ફાયદો ઉઠાવવામાં આવી રહ્યો છે તેવી ચર્ચા પણ જોવા મળી રહી છે.

કરવાને બદલે મોટા પથ્થરો ઠાલવી દેવામાં આવ્યા છે. આ પથ્થરો પર સિમેન્ટનું માત્ર પાતળું પડ ચઢાવીને કામ પૂરું કરી દેવાની પેરવી કરવામાં આવી છે. નિમ્ન કક્ષાના મટીરીયલ અને લોલમલોલ ચાલતા આ કામને કારણે નાળાની મજબૂતી સામે ગંભીર પ્રશ્નો ઉભા થયા છે. જો આ જ પ્રકારે કામ ચાલુ રહ્યું તો આગામી ચોમાસામાં પાણીના પ્રવાહ સામે આ નાળું ટકી શકશે નહીં. નાળું તૂટવાની સ્થિતિમાં ગામનો સંપર્ક તૂટી શકે છે અથવા ખેતરોમાં પાણી ફરી વળતા ગ્રામજનોને મોટું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવી શકે તેમ છે.

### કડક શિક્ષાત્મક પગલાં ભરવાની માગ

વિકાસના નામે માત્ર કાગળ પર કામો દર્શાવી ભ્રષ્ટાચારની સીમા પાર કરવામાં આવી છે તેવું જણાઈ રહ્યું છે. ત્યારે ઉચ્ચ કક્ષાએથી આ કામની તટસ્થ તપાસ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. જે પથ્થરો ઠાલવવામાં આવ્યા છે તેનું પંચનામું કરી, જવાબદાર સરપંચ, તલાટીકમ મંત્રી અને કોન્ટ્રાક્ટર સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવે તથા જે અધિકારીઓની રહેમરાહ હેઠળ આ કામ ચાલી રહ્યું છે તેમની સામે પણ કડક શિક્ષાત્મક પગલાં ભરવામાં આવે તેવી લોક માંગ ઉઠી છે. હવે જોવાનું એ રહે છે કે ડાંગ વહીવટી તંત્ર આ ગંભીર બેદરકારી સામે આંખ આડા કાન કરે છે કે પછી ભ્રષ્ટાચારીઓ સામે લાલ આંખ કરે છે તે જોવુ જ રહ્યુ.